<u>સારાંશ</u>

<u>ટોરેન્ટ પાવર લિમીટેડ અમદાવાદ સપ્લાય એરિયા</u>

<u>કેસ નંબર. ૧૭૬૪/૨૦૧૮</u>

**પૂર્વભૂમિકા**

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનસ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-ડીએ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાંણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી
2. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા
3. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની ખાધ/પુરાંતનું નિર્ધારણ
4. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વિજદરનું નિર્ધારણ

**નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુ અપઃ**

૧.૨ માનનીય કમીશને નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ટીપીએલ-ડીના એઆરઆરની મંજુરી ૯ જુન ૨૦૧૭ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૭/૨૦૧૬) દ્વારા આપી છે. જે નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ અપ પર આધારીત હતી.

૧.૩ ટીપીએલ-ડીએ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન મુજબ માનનીય કમીશનના ૯ જુન, ૨૦૧૭ના એમવાયટી ઓર્ડરના (કેસ નંબર ૧૬૨૭/૨૦૧૬) આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધા છે.

1. વીજળીની ખરીદના સ્તોત્રમા, જથ્થામાં અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ.
2. ફીકસડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઘાલખાધ, ઇકવીટી પર મળતો નફો, આવકવેરો અને નોન ટેરીફ આવકમાં થતા બદલાવ.
3. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે વીજળીની જરુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક ટી એન્ડ ડી લોસ પર આધારીત છે. અમદાવાદ પુરવઠા વિસ્તારનું વેચાણ ૭૪૬૦.૫૫ એમયુ છે. નાંણાકીય વર્ષ

૨૦૧૭-૧૮ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૬.૩૧ ટકા થયેલ છે. ટીપીએલ-ડી(એ)એ વીજ વિતરણ લોસમાં માનનીય કમીશનના નિર્ધારીત કરેલ લોસ કરતા ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે.

૧.૬ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને ૯ જુન, ૨૦૧૭ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૭/૨૦૧૬) મુજબ મંજુર કરેલ ખર્ચાઓને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્તોત્રમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રીત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રીત છે અને તેને લીધે થતા નફાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનમાં ઉલ્લેખવામાં આવેલ નફા/નુકશાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ગણતરીમાં લેવામાં આવેલ છે. અમદાવાદના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં ઘટેલ છે. વિતરણ લોસમાં થયેલા ઘટાડાને કારણે થયેલ ફાયદો જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન અનુસાર ગણતરીમાં લેવામાં આવેલ છે.

૧.૭ અમદાવાદ સપ્લાય વિસ્તારના ફીકસડ ખર્ચઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઘાલખાધ, ઇક્વીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ. કરોડમાં | | વાસ્તવિક |
|---|---|---|
| એમવાયટી મુજબ એઆરઆર | (એ) | ૪,૫૧૪.૪૮ |
| અનિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (બી) | (૩૫૩.૪૬) |
| નિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (સી) | ૧૯.૩૮ |
| ટેરીફ તરીકે પાસ થશે | ડી=-(બી+૧/૩ સી) | ૩૪૭.૦૦ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૪,૮૬૧.૪૮ |

૧.૮ ટીપીએલ-ડી(એ) જણાવે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાત આવકની ગણતરીમાં ધ્યાને લીધેલ છે જે માનનીય કમીશનના ૯ જુન, ૨૦૧૭ અને ૨૫ જુલાઇ, ૨૦૧૮ ના ઓર્ડર મુજબ રુ ૪૨૮.૦૮ કરોડ થાય છે. તદઉપરાંત, ટીપીએલ-ડીએ ઉપરોકત ખાધમાં માનનીય કમીશને નિયુકત કરેલ એજન્સી દ્વારા કરેલા થર્ડ પાર્ટી ઓડિટના અનુસંધાને રુ ૧.૪૦ કરોડના એડજસ્ટમેન્ટને પણ ધ્યાને લીધેલ છે.

૧.૯ ટીપીએલ-ડી(એ) જણાવે છે કે વ્યાજ ખર્ચ (કેરીંગ કોસ્ટ) માનનીય ટ્રિબ્યુનલમાં ન્યાયધીન હોવાથી તેને આવકની ગણતરીમાં લીધેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાતમાં ધ્યાને લીધેલ નથી. ટીપીએલ માનનીય ટ્રિબ્યુનલની કાર્યવાહી દ્વારા આવનાર ચુકાદાના અનુસંધાને થનારા વિલંબને જરૂરી એડજસ્ટમેન્ટ આપી ઉપરોકતને કેરીંગ કોસ્ટ ચાર્જ તરીકે વસુલવાની પરવાનગી આપવા માનનીય કમીશનને વિનંતી કરે છે.

૧.૧૦ નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૪,૮૬૧.૪૮ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૫,૧૧૩.૦૧ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના સમયની ખાધ/(પુરાંત) | ૪૨૬.૬૮ |
| **બાકીની આવક** | **૪,૬૮૬.૩૩** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૧૭૫.૧૬** |

૧.૧૧ ટીપીએલએ માનનીય કમીશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**વચગાળાની સમીક્ષાના આધારે નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના સુધારેલા એઆરઆર :**

૧.૧૨ ટીપીએલએ વીજ વેચાણના વર્તમાન વલણોના અધારે વીજ વેચાણના અંદાજો સુધારેલ છે. દરેક વીજ કેટેગરીના વીજ વેચાણના સુધારેલા અંદાજોનુ વિશ્લેષણ અરજીમાં આપેલ છે. સુધારેલ અંદાજોનો સારાંશ નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ પુરવઠા વિસ્તારનું વેચાણ (એમયુ)**

| કેટેગરી | નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ | નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|
| કુલ વેચાણ | ૮,૧૪૫.૭૯ | ૮,૪૮૦.૯૯ |

૧.૧૩ ઉપર જણાવેલ વેચાણના અંદાજો મુજબ, ટીપીએલએ વીજ જરુરીઆત સુધારેલ છે. વીજ જરુરીઆત પુરી પાડવા માટે ટીપીએલએ વીજ ખરીદીની યોજના સુધારેલ છે. વીજ ખરીદીની યોજના સુધારતી વખતે ટીપીએલએ એમવાયટીમાં માન્ય સ્ત્રોતોની વીજ ઉપલબ્ધતા અને વાસ્તવિક વીજ ખરીદ ખર્ચ ધ્યાને લીધેલ છે.

૧.૧૪ ટીપીએલએ અમદાવાદ/ગાંધીનગર ટ્વિન સીટીના વિકાસ તેમજ વીજ આયાતની ક્ષમતા વધારવા માટે જરુરી સપ્લાય પોઇન્ટને અનુલક્ષીને મુડી ખર્ચની યોજનામાં ફેરફાર કરેલ છે. ગ્રાહકોની માંગ પુરી પાડવા માટે જરુરી હોય તેવા મુડી ખર્ચના મુદાઓને ધ્યાને લીધેલ છે.

૧.૧૫ સુધારેલ વેચાણના અંદાજો, વીજ ખરીદીની યોજના, મુડી ખર્ચની યોજના અને તેને અનુરુપ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે એઆરઆરના દરેક સુધારેલ ઘટકો અરજીમાં દર્શાવેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે માન્ય એઆરઆર અને સુધારેલા અંદાજોના એઆરઆરનો સારાંશ નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૪: નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ પુરવઠા વિસ્તાર માટે સુધારેલા એઆરઆર**

| રુ. કરોડ | નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ | | નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ | |
|---|---|---|---|---|
| | એમવાયટી ઓર્ડર | સુધારેલા અંદાજો | એમવાયટી ઓર્ડર | સુધારેલા અંદાજો |
| વીજ ખરીદી | ૪,૧૮૨.૦૪ | ૪,૯૬૬.૪૮ | ૪,૪૪૪.૦૯ | ૫,૧૨૬.૩૫ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૩૨૪.૪૨ | ૩૪૩.૭૬ | ૩૪૨.૯૭ | ૩૬૩.૪૨ |
| વ્યાજ ખર્ચ | ૮૨.૩૪ | ૧૭૭.૨૨ | ૭૬.૩૪ | ૨૨૭.૬૨ |
| સીક્યુરીટી ડીપોઝીટ નું વ્યાજ ખર્ચ | ૫૮.૮૫ | ૪૫.૩૪ | ૬૪.૨૨ | ૪૯.૬૭ |
| કાર્યકારી મુડીનો વ્યાજ ખર્ચ | – | – | – | – |
| ઘસારો | ૨૦૪.૫૬ | ૨૬૬.૨૭ | ૨૧૬.૦૨ | ૩૨૪.૬૬ |
| ઘાલખાધ | ૪.૯૨ | ૪.૯૨ | ૪.૯૨ | ૪.૯૨ |

| | | | | |
|---|---|---|---|---|
| કન્ટીજન્સી રીઝર્વ | ૦.૬૦ | ૦.૬૦ | ૦.૬૦ | ૦.૬૦ |
| ઇક્વીટી પર મળવાપાત્ર વળતર | ૨૨૧.૯૫ | ૨૯૭.૯૭ | ૨૩૦.૭૭ | ૩૫૦.૪૬ |
| આવક વેરો | ૯૭.૮૦ | ૮૩.૪૧ | ૯૭.૮૦ | ૮૩.૪૧ |
| બાદ : નોન ટેરીફ આવક | ૧૦૩.૩૧ | ૫૪.૯૩ | ૧૦૯.૧૪ | ૫૭.૮૨ |
| **એઆરઆર** | **૫,૦૭૪.૧૭** | **૬,૧૩૧.૦૫** | **૫,૩૬૮.૫૯** | **૬,૪૭૩.૨૮** |

૧.૧૬ અરજદાર માનનીય કમીશનને નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે સુધારેલા એઆરઆરની મંજુરી માટે અરજ કરે છે.

**નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ :**

૧.૧૭ વર્તમાન એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવક અને ઓપન એકસેસ ગ્રાહકોથી થતી આવકને તેમજ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના સુધારેલા એઆરઆરની ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ**

| રુ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૬,૧૩૧.૦૫ |
| બાદ : | |
| પ્રવર્તમાન વીજદર સાથેના રુ.૨.૦૯ પ્રતિ યુનીટ ના એફપીપીપીએથી થતી આવક સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૫,૯૫૨.૯૪ |
| ઓપન એકસેસ ચાર્જથી થતી આવક | ૧૦.૮૦ |
| | |
| **નેટ ખાધ/(પુરાંત)** | **૧૬૭.૩૧** |

ટીપીએલએ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૮ ટીપીએલએ તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશનસ, ૨૦૧૨ અનુસાર બનાવેલ ડીએસએમ પ્લાનને માનનીય કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને અમદાવાદ સપ્લાય વિસ્તાર માટે રુ.૪.૪૫ કરોડ મંજુર કરેલ છે. ટીપીએલ-ડી જણાવે છે કે તેને ડીઇએલપી પ્રોગ્રામ અંર્તગત કોઇ ઇનવોઇસ મળેલ ન હોવાથી ડીઇએલપી પ્રોગ્રામ પેટે કોઇ ખર્ચ કરેલ નથી. આમ, ટીપીએલ-ડીએ નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ડીએસએમ પેટે કોઇ ખર્ચ કરેલ નથી.

૧.૧૯ ટીપીએલએ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ, બાકી રહેલ દાવાઓ સહિતની નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની ખાધ/(પુરાંત)ના, વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) પેઠે રૂ.૧૦૯ કરોડ તારવેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦નાં દર નિર્ધારણ માટે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની ખાધ/(પુરાંત) ઉપરાંત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૨૦ આમ કુલ ખાધ રૂ.૪૫૧.૪૬ કરોડ થઇ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬: નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના દર નિર્ધારણ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ખાધ/(પુરાંત) | ૧૭૫.૧૬ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૧૦૯.૦૦ |
| ડીએસએમ | – |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત) | ૧૬૭.૩૧ |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૪૫૧.૪૬** |

૧.૨૧ રૂ.૪૫૧.૪૬ કરોડની સંચિત ખાધ મહદ અંશે પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતના કારણે છે. આથી, ટીપીએલએ આ સંચિત ખાધની વસૂલાત વીજ દરમાં વધારો કરવાને બદલે, એડિશનલ ચાર્જ દ્વારા કરવા સૂચન કરેલ છે.

૧.૨૨ ટીપીએલએ ખાધની વસૂલાતમાં થતા વિલંબને અનુરુપ ખર્ચ ધ્યાને લઇ ખાધની વસૂલાત તા. ૧ એપ્રિલ, ૨૦૧૯ થી રૂ.૦.૨૮ પ્રતી યુનિટના એડીશનલ ચાર્જ દ્વારા બે વર્ષ પર વિસ્તૃત કરવા સૂચન કરેલ છે. આમ, ટીપીએલ-ડીએ રૂ.૨૨૮ કરોડની વસૂલાત નાંણાકિય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અને બાકી ખાધ તેના પછીના વર્ષે વસૂલવા સૂચવેલ છે.

૧.૨૩ ટીપીએલ જણાવે છે કે તેઓએ વર્તમાન રૂ.૨.૦૯ પ્રતિ યુનીટ ના એફપીપીપીએનો એક ભાગ એનર્જી ચાર્જમાં સમાવેશ કરવા સૂચન કરેલ છે. આમ, રૂ.૧.૨૩ પ્રતિ યુનીટ ના એફપીપીપીએને

એનર્જી ચાર્જમાં સમાવેશ કરવા સૂચવેલ છે. વધુમાં, ટીપીએલ સ્પષ્ટ કરે છે કે એફપીપીપીએનો એક ભાગ એનર્જી ચાર્જમાં સમાવેશ કરવાથી વીજદરમાં કોઇ વધારો થશે નહી.

૧.૨૪ અત્રે નોંધનીય છે કે ટીપીએલ-ડીના વિજદર છેલ્લે નાંણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વધારવામાં આવેલા. ત્યારથી, ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ તેના ખર્ચે ઓપરેશનલ કાર્યક્ષમતા મારફતે પ્રબંધ કરેલ છે. એડિશનલ ચાર્જની મંજૂરી પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતનો બોજો દૂર કરવા અને ટીપીએલને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયત્તા અને ગ્રાહકસેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા તેમજ તેમાં વધુ સુધારો કરવા અનિવાર્ય છે.

દાદ ઃ

૧.૨૫ ટીપીએલએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુઇંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા, અને નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદ/ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરી છે.

૧.૨૬ હકીકતો અને સંજોગોને આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબની અરજ કરેલ છે:

૧. નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુઇંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા, અને નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

૨. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ટ્રુઇંગ અપ અનુસાર ખાધ/(પુરાંત)ની મંજુરી.

૩. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટીપીએલ-ડી દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

૪. વચગાળાની સમીક્ષાના આધારે નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના સુધારેલા એઆરઆરની મંજુરી.

૫. સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

૬. વ્હીલીંગ એઆરઆર અને એને અનુરુપ વીજ વહન માટેના દરની તા.૧લી એપ્રિલ, ૨૦૧૯થી મંજુરી

૭. રીટેલ વીજદર અને/અથવા એડીશનલ ચાર્જ થકી વસુલાતની મંજુરી

૮. અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલમાં કરેલી અરજીઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

૯. ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

૧૦. અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

૧૧. માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

૧૨. કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*